અરજી નં.૩૪૧ તા.૧૭–૨–૦૯

અરજદારઃ શ્રી આર.એન.લાકડાવાલા
સામાવાળાઃ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી આર.એન.લાકડાવાલાની તા.૨૬–૧૨–૦૮ ની અરજીથી ખપાટીયા ચકલા ગિરધરલાલજીનો ખાંચો જે અનસુયા માર્ગને જોડતો રસ્તો જેમાં ઢોરોનું દબાણ દુર કરવા માટે કેટલી ફરીયાદ મળી?દબાણ દુર કરતી વેળા થયેલ સંઘર્ષ, કેસો વિગેરેની મુદ્દા નં.૧ થી ૩ અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૭–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૪૧/૨૦૦૮–૦૯

શ્રી આર.એન.લાકડાવાલાની તા.૨૬–૧૨–૦૮ ની અરજીથી ખપાટીયા ચકલા ગિરધરલાલજીનો ખાંચો જે અનસુયા માર્ગને જોડતો રસ્તો જેમાં ઢોરોનું દબાણ દુર કરવા માટે કેટલી ફરીયાદ મળી ?દબાણ દુર કરતી વેળા થયેલ સંઘર્ષ, કેસો વિગેરેની મુદ્દા નં.૧ થી ૩ અંગે માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર મળ ેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોં ધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૧ તા.૨૬–૨–૦૯ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી મળેલ નથી કે માહિતી ઈન્કાર અંગે આરટીઆઈ કાયદાની કલમ૮,૯ કે ૧૧ હેઠળ કોઈ અપવાદ રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨૬–૧૨–૦૮ ની અરજીથી ખપાટીયા ચકલા ગિરધરલાલજીનો ખાંચો જે અનસુયા માર્ગને જોડતો રસ્તો જેમાં ઢોરોનું દબાણ દુર કરવા માટે કેટલી ફરીયાદ મળી? દબાણ દુર કરતી વેળા થયેલ સંઘર્ષ, કેસો વિગેરેની મુદ્દા નં.૧ થી ૩ અંગે માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ હોવાનું જણાતું નથી. અરજદારે અપીલ અરજીમાં નિયત સમયમાં માહિતી મળેલ ન હોવાનું જણાવેલ છે.

### ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૬–૧૨–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ ન હોય આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭માં અત્રેની જાણ હેઠળ અરજદારને માહિતી પૂરી પાડવા ડે.કમિશ્નર (હેઅનેહો) જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી... જાણ તથા અમલ માટે
(૨) શ્રી આર.એન.લાકડાવાલા,